જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૨/૨૦૨૩   ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૩૩૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૫ લીટર દેશી દારૂ, ૬૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, પીક-અપ ડાલુ, લોડીંગ ટેમ્પો અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૩૩૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૩૪૦/૨૦૨૩

**સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનઃ** જીગીસભાઇ સ/ઓ નરેશભાઇ દેસાઇ (ઉ.વ.૫૨)(રહે,નારાયણ કૃપા આર્કેડ, રીવેરા-૩૦ બંગલો સામે, પ્રહલાદનગર ગાર્ડન રોડ) એ તા.૨૨/૦૨/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જીગીસભાઇ દેસાઇના પુત્રને એમ.બી.બી.એસ. મેડીકલ કોલેજમાં એડમીશન લેવાનુ હોઈ તા.૦૫/૦૩/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન pnplrc.in કંપની નો સંપર્ક કરતા આરોપી મોબાઈલ નંબર ૮૭૯૦૨૪૨૦૬૮, ૮૧૪૩૯૬૬૧૬૮, ૭૮૪૨૪૫૮૭૬૬, ૮૧૦૬૮૪૭૯૪૩, ૯૨૮૯૨૮૪૭૫૦ ના ધારકોએ ભેગા મળી જીગીસભાઇના પુત્રને કર્ણાટક સ્ટેટની એમ.બી.બી.એસ. મેડીકલ કોલેજમાં એડમીશન અપાવવાનો જીગીસભાઇને વિશ્વાસ આપી પ્રોસેસ પેટે કંપનીના નામનો એમ.ઓ.યુ કરી કુલ રૂપિયા ૨૯,૯૫,૦૦૦/- મેળવી લઇ એડમીશન નહી કરાવી મોબાઈલ ફોન બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન/પર્સ ખેચી લઇ ગયાઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૧/૨૦૨૩</u>**

**માધવપુરાઃ** શીતલબહેન ડો/ઓ સુરેશચંદ્ર રાવલ (ઉ.વ.૫૨)(રહે.બ્લોક નંબર-૨૭ વિધ્યાનગર ફ્લેટ હિંમતલાલ પાર્ક વસ્ત્રાપુર) તા.૨૧/૦૨/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ હેડ ક્વાટર્સ ગેટ નંબર-૨ આગળથી પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ શીતલબહેન રાવલના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શીતલબહેન રાવલે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી જી.એમ.રાઠોડ ચલાવે છે.

**ખાડીયાઃ** વિજયરાજ સ/ઓ વેંન્કેટી રાજય્યા ચીદ્દમપલ્લી (ઉ.વ.૩૯)(રહે, ડેઈલી માર્કેટ, કામા રેડ્ડી, તા.જી.કામા રેડ્ડી, તેલંગણા) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે એસ.ટી.સ્ટેન્ડ થી ઇસ્કોન મંદિર જવા સારૂ પત્ની સાથે ઓટોરીક્ષામાં બેસી ભૂતની આંબલી પેટ્રોલ પંપ નજીકથી પસાર થતા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ વિજયરાજની પત્નીના ખોળામાંથી લેડીઝ પર્સ ખેચી ઝુટવી લઈ નાસી ગયો હતો. જે પર્સમાં સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/-, એપલ કંપનીની સ્માર્ટ વોચ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, ફોસિલ કંપનીની વોચ કિંમત રૂપિયા ૪,૦૦૦/-, સેમસંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૨/૨૦૨૩</u>**

**સાબરમતીઃ** રાજેશભાઈ ગણેશભાઈ પાટીલ (રહે.મૌનગીરી કોમ્પલેક્ષ સેન્ટ મોરથામા ચર્ચની બાજુમાં, ચીજપાડા ગાવ ક્લ્યાણ પુર્વે ડીસ્ટ્રીક-થાણે મુંબઈ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૩ કલાક ૮/૩૦ થી ૯/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી જવાહર ચોક સર્કલ પાસે આવેલ પોસ્ટ ઓફીસ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- સાથેનુ બેગ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૩/૨૦૨૩</u>**

**સોલા હાઇકોર્ટઃ** અનિલકુમાર સોહનલાલ રજક (ઉ.વ.૩૨)(રહે.અર્ધચામુંડા ચોક, મહાત્મા ગાંધી વસાહત, ગોતા હાઉસિંગ, ગોતા) તા.૨૨/૦૨/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા ગોતા હાઉસિંગ ખાતે ગોતા ઓગણજ રોડ ઉપર અંબુજા કોમ્પ્લેક્ષમાં આવેલ “વિધ્યા એન્ટરપ્રાઈઝ” ખાતે લસણ ફોલવાના મશીન ઉપર કામ કરતા હતા ત્યારે અનિલકુમારના ગળામાં રહેલ ગમછો (દુપટ્ટો) મશીનની ઈલેક્ટ્રીક મોટરમાં ફસાઈ જતા ગળાના ભાગે વીંટળાઈ જતા ગંભીર ઈજાઓ થતા અનિલકુમારનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૪૪/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** દિપકભાઇ ભીખાભાઈ પટેલ (ઉ.વ.૪૨)(રહે,શીવગંગા એપાર્ટમેન્ટ, સુરસાગર ટાવર પાછળ, કલાસાગર મોલ સામે, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિકંદર જશુભા ચલાવે છે.

**રાણીપઃ** જીનલબહેન ડો/ઓ કાંતીલાલ પરમાર (ઉ.વ.૨૬)(રહે.ભવાનીનગર સોસાયટી, પવન પુત્ર સોસાયટી સામે જુની પાણી ટાંકી પાસે રાધા-સ્વામી રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૩ કલાક ૭/૦૦ થી ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

**ખોખરાઃ** વાસુદેવભાઈ લક્ષ્મણભાઈ ભુજબલે (ઉ.વ.૭૦)(રહે.મનહર કોલોની વિભાગ-૨, હરીપુરા હાઉસીંગ બોર્ડ પાછળ, ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૨/૨૦૨૩ બપોરના ૧/૪૫ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર અર્થે એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વીડજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી